# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના સુરત નં. ૧૮ (કનારગામ)નો મુસદ્દો પ્રસિદ્ધ કરવા બાબત

# અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત નગર રચના યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારા ૧૯૭૬ ની કલમ ૪૨ (૧) અને અધિનિયમના નિયમો, ૧૯૭૯ ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવેલ છે. અને પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : સીંગણપોર કનારગામ રોડ અને કનારગામનો બાકી રહેતો ભાગ

દક્ષિણે : નગર રચના યોજના સૂરત નં. ૩ (કનારગામ)

પૂર્વે : નગર રચના યોજના સૂરત નં. ૩ (કનારગામ)

પશ્ચિમે : મોજે ટુંકી.

ઉપર જણાવેલા નગર રચના યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલીકો તેમજ હિત સબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે સૂરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીમાં રજા ના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ખુલ્લી મુકવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોકત અધિસુચન ની પ્રસિધ્ધી થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતા કોઈપણ શખ્સ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલમાં લેખીત રીતે કમિશનરશ્રી, સૂરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશનરશ્રી, સૂરત મહાનગરપાલિકા આવા વાંધા/સુચનો ધ્યાનમાં લેશે.

સુરત — કમિશ્નર

તા. ૨૦-૬-૯૦ — સુરત મહાનગરપાલિકા

ના ---